# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

https://gpssb.gujarat.gov.in

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

**જાહેરાત ક્રમાંક:-૧૭/૨૦૨૧૨૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુ) સંવર્ગનું પ્રસિધ્ધ થયેલ બીજુ એડીશનલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત**

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા જાહેરાત ક્રમાંક ૧૭/૨૦૨૧-૨૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુ) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૬/૦૬/૨૦૨૨ના રોજ લેવાયેલ હતી. આ સ્પર્ધાત્મક પરીક્ષાનુ બીજુ એડીશનલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ મંડળ ધ્વારા તા.૦૪-૦૧-૨૦૨૪ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે.

૨. આ બીજુ એડીશનલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોને નીચે મુજબની વિગતે અસલ પ્રમાણપત્ર ચકાસણી માટે નીચે દર્શાવેલ સ્થળે દરેક ઉમેદવારને ફાળવેલ તારીખ-સમયે જાતે અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે. જે અંગેના ઇમેઇલ, ઉમેદવારે તેની અરજીમાં દર્શાવેલ ઇમેઇલ આઇડી ઉપર મોકલવામાં આવી રહેલ છે. ઉમેદવારને મોકલવામાં આવનાર ઇમેઇલ સાથે પ્રમાણપત્રોની અનુક્રમણિકાની નકલ, એટેસ્ટેશન ફોર્મ (નમુનો-૧), અને ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨) પણ મોકલવામાં આવશે જે ઉમેદવારે ધ્યાનથી વાંચી-સમજી તેમાં જરૂરી વિગતો ભરીને પ્રમાણપત્ર ચકાસણી વખતે આવવાનું રહેશે.

૩. આથી બીજુ એડીશનલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને તેમને ફાળવેલ તારીખ/સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહિત (લાગુ પડતા હોય તે) (અસલ પ્રમાણપત્રો સહિત) ચકાસણી માટે નિયત સ્થળે જાતે અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સબંધિત ઉમેદવારે તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં,તેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઉમેદવારે રુબરુમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણિત નકલો- બે સેટમાં )

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ નકલ |
| ૨ | એટેસ્ટેશન ફોર્મ (નમુનો-૧) |
| ૩ | ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨) |
| ૪ | શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૫ | જો ઉમેદવાર મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે પંચાયત સેવામાં કરાર આધારીત ફીકસ પે ઉપર ફીકસ પીરીયડ માટે અથવા Adhoc બેઝીઝ ઉપર રેગ્યુલર પે સ્કેલમાં ફીકસ સમયગાળા માટે ફરજમાં ચાલુ હોય, તો કેટલા સમયથી ફરજ બજાવે છે તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તો) |
| ૬(૧) | ભરતી નિયમની જોગવાઇ મુજબ ઉમેદવાર જે શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તે શૈક્ષણિક લાયકાતના સર્ટીફીકેટ/ડિપ્લોમાંની પ્રમાણિત નકલ |
| ૬(૨) | ઉપરોકત સર્ટીફીકેટ/ડિપ્લોમાંના તમામ સેમેસ્ટર/વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલો |
| ૬(૩) | ઉપરોકત સર્ટીફીકેટ/ડિપ્લોમાં આપનાર સંસ્થા/યુનીવર્સીટી સરકાર માન્ય હોવાના આધાર પુરાવાની નકલ |

| | |
|---|---|
| ૬(૪) | ઉપરોકત સર્ટીફીકેટ/ડિપ્લોમાં આપનાર સંસ્થા સદર કોર્ષ/ડિપ્લોમાંના પ્રમાણપત્ર આપવા માટેની માન્યતા ધરાવતા હોવાના આધાર પુરાવાની નકલ |
| ૭ | ધોરણ-૧૦ ની માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૮ | ધોરણ-૧૦ ના ટ્રાયલ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |
| ૯ | ધોરણ-૧૨ ની માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૧૦ | ધોરણ-૧૨ ના ટ્રાયલ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |
| ૧૧ | કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૧૨ | માન્ય રમતગમત (Sports)ના વધારાના ગુણ મેળવવા માટેના સરકાર માન્ય નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૩ | ઉમેદવારના આધારકાર્ડની પ્રમાણિત નકલ |
| ૧૪ | ઉમેદવારના પાનકાર્ડ(જો હોય તો)ની પ્રમાણિત નકલ (ધરાવતા ન હોય તો મેળવેલ નથી તેવું લખવું) |
| ૧૫ | પાસપોર્ટ સાઇઝના વધારાના બે ફોટા (એક કાગળ ઉપર ચોંટાડી તેની નીચે નામ લખી સહી કરી લાવવાના રહેશે.) |
| ૧૬ | નામમાં ફેરફાર કરાયેલ હોય તો તે અંગેના સરકારી ગેઝેટ/એફીડેવીટ વિગેરે આધારોની પ્રમાણિત નકલ |
| ૧૭ | ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના કિસ્સામાં નિયત નમુનામાં સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર"(લાગુ પડતું હોય તો) |

## પ્રમાણપત્ર ચકાસણી કાર્યક્રમ – મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુ) – (વર્ગ-3)

| પ્રમાણપત્ર ચકાસણીની તારીખ | પ્રોવીઝનલ મેરીટ લીસ્ટના SR NO | પ્રમાણપત્ર ચકાસણીનો સમય | પ્રમાણપત્ર ચકાસણીનું સ્થળ |
|---|---|---|---|
| તા.૦૫/૦૧/૨૦૨૪ શુક્રવાર | ૧ થી ૭ | ૧૫-૦૦ કલાક | ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરી, બ્લોક નં.૨, પાંચમો માળ, ડી વીંગ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર |

"મંડળના આદેશાનુસાર"

તારીખઃ-૪-૦૧-૨૦૨૪ સચિવ